# પ્રેસનોટ

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૧૫/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગનીશહેરના શાકભાજી માર્કેટ અનેબાગ બગીચાઓની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

આ સફાઈ ઝુંબેશ સેન્ટ્રલ ઝોનમાં સ્નેહમિલન ગાર્ડન અને દયાળજી બાગ, વરાછા-એ ઝોનમાંધાણા માર્કેટ,વરાછા-બીઝોનમાં નાના વરાછા-શાકભાજી માર્કેટ, રાંદેર ઝોનમાં સરોજની નાયડુ શાક માર્કેટ, કતારગામ ઝોનમાં સિંગણપોર શાક માર્કેટ, ઉધના-એઝોનમાં નવીન ફ્લોરીન ગાર્ડન, ઉધના-બી ઝોનમાં કનકપુર ઝોન ઓફિસ ગાર્ડન, અઠવાઝોનમાં સીટીલાઇટ માર્કેટ અને લીંબાયત ઝોનમાં રંગીલા નગર વેજ માર્કેટ અને મદનપુરા વેજ. માર્કેટ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં તમામ ઝોનમાં કુલ ૮૫૩ સફાઈ કામદાર/બેલદાર, ૭૨ સુપરવાઈઝર,૫૭ વાહનો દ્વારા નાયબ આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ ૪૭૫૬ લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ ૫૦.૯૫ મે.ટન કચરો અને ૧૫.૫ મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટ C&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ ખાતે મોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ ૧૧૩ ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૧૬૦ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૧૩૯ચો.મી.પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.૮૪, તા.૧૫/૦૬/૨૦૨૪